ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0











## કેપિટલ રેલ્વે સ્ટેશન શહેરીજનોનું નવું હોટ ફેવરિટ સ્થળ..!!

ગાંધીનગરના કેપીટલ રેલ્વે સ્ટેશનને રીડેવલપ કરીને અદ્યતન બનાવવા સાથે ફાઈવસ્ટાર હોટલ લીલાનું વર્ચ્યુઅલ ઉદ્‌ઘાટન તાજેતરમાં વડાપ્રધાને કર્યુ હતુ. આ સાથે 'ખ' રોડથી 'ક' રોડને જોડતા અન્ડરપાસને પણ હવે ખુલ્લો મુકી દેવાયો છે. ગાંધીનગરની જનતાએ તેમના સૌથી મનપસંદ સ્થળ ઘ-૪ સર્કલને ગુમાવ્યા પછી અને ગ-૪ના પણ અન્ડરપાસનું કામ ચાલુ હોવાથી હાલ મહાત્મા મંદિરથી દાંડીકુટિર થઈને રેલ્વે સ્ટેશનનો વિસ્તાર શહેરીજનો માટે બે ઘડી આંટો મારવાનુ પસંદગીનું સ્થળ બન્યું છે, તેમાં પણ હોટલની ઝગમગાતી રોશની અને રેલ્વે સ્ટેશન પર બનાવાયેલા બગીચાથી માંડીને ગુજરાતની સંસ્કૃતિને ઉજાગર કરતાં વિવિધ ચિત્રો શહેરીજનોને આકર્ષી રહ્યાં છે. સાંજ પડતા જ અહીં શહેરીજનો પરિવાર સાથે ઉતરી રહ્યાં છે અને મોબાઈલ કેમેરાથી સેલ્ફી લેતા ધરાતા નથી જ્યારે યુવાનોમાં નવા અન્ડરપાસનું લાઈટીંગ શોર્ટ વિડિયો સ્ટોરી બનાવવા માટે હોટ ફેવરિટ બની ગયું છે.

# ૧૦૦ દિવસમાં જિલ્લાની ૮ શાળા સ્કૂલ ઓફ એક્સલન્સ પ્રોજેક્ટની જાહેર થશે

### તંત્રએ હાથ ધરી કવાયત : ૧૧૩ જેટલી શાળાઓમાં ૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓ છે તેમાંથી પસંદગી થશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં આગામી ૧૦૦ દિવસમાં ૮ જેટલી શાળાઓને ''સ્કૂલ ઓફ એક્સલન્સ'' જાહેર કરવામાં આવશે. આ માટે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવશે.

રાજ્ય સરકારના અતિ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ''સ્કૂલ ઓફ એક્સલન્સ'' એ વર્લ્ડ બેંકના સહયોગથી હાથ ધરવામાં આવી રહ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ''સ્કૂલ ઓફ એક્સલન્સ'' હાલ ૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓ જે શાળામાં હશે તેની જ પસંદગી થશે. જિલ્લામાં આવી ૧૧૩ થી વધુ શાળાઓ આવેલી છે.

આ સ્કૂલ ઓફ એક્સલન્સની પસંદગી માટેના માપદંડ પણ સરકાર દ્વારા નિયત થઈ અને આખરી કરવામાં આવ્યા છે. આ સ્કૂલ ઓફ એક્સલન્સ પ્રોગ્રામના હેતુઓમાં સમાજમાં સરકારી શાળાઓની છાપમાં સુધારો કરવા, સરકારી શાળામાં થતા નામાંકનમાં ૨૦ ટકા સુધીનો વધારો કરવા, ૮૦ ટકા વિદ્યાર્થીઓ ધોરણ અનુરૂપ અધ્યયન નિષ્પતિઓમાં સફળતા પ્રાપ્ત કરે તેમજ એનએએસના સ્કોરમાં સુધારો પ્રાપ્ત કરવા જેવા મુદ્દાઓને સમાવેશ થાય છે.

આ શાળાઓમાં શાળા સંકુલ અને વર્ગખંડોને વિકસાવવામાં આવશે. દરેક ધોરણમાં સ્માર્ટ ક્લાસરૂમ હશે. પુસ્તકાલય હશે આ ઉપરાંત સાયન્સ, ટેકનોલોજી, એન્જીનીયરીંગ, ગણિતની પ્રયોગશાળા તેમજ કોમ્પ્યુટર લેબ હશે.

અંગ્રેજી ભાષાની પણ પ્રયોગશાળા તેમજ વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકો માટે રિસોર્સરૂમ પર્યાવરણ પ્રયોગ શાળા અને રમત-ગમતના સાધનો પણ હશે.

આ શાળાઓમાં હેડ ટીચરની ભરતી કરવા ઉપરાંત વિશિષ્ટ વિષય શિક્ષકો, રમત-ગમત, ચિત્ર અને સંગીતના શિક્ષકો પણ હશે એટલુ જ નહિ આ શાળામાં વૈવિધાપૂર્ણ તાલિમોનું પણ આયોજન કરવામાં આવનાર છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં કોરોનાનો એક કેસ

### દર્દી મહારાષ્ટ્રના પ્રવાસેથી પરત ફર્યો હોવાની વાતને લઈ તંત્ર સતર્ક બન્યુ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં કોરોનાનો આજે એક કેસ નોંધાયો છે જ્યારે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક પણ કેસ નોંધાયો નથી. ગાંધીનગર શહેરમાં આજે સરગાસણમાંથી એક ૩૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

મળતી વિગતો પ્રમાણે આ દર્દી મહારાષ્ટ્ર જઈને પરત ફરેલ છે. આ દર્દીએ વેક્સિનનો પ્રથમ ડોઝ પણ લીધો છે.

ગાંધીનગર શહેરમાં કેસો શરૂ થતાં સતર્ક બનેલ તંત્રએ અન્ય રાજ્યોમાંથી ગાંધીનગર આવેલાઓને તેની જાણ મનપાના તંત્રને કરવાની રહેશે તે અંગેની સૂચનાઓ એકાદ દિવસમાં લાગુ કરવામાં આવશે તેમ મનપાના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

શહેરમાં સર્વેલન્સ સઘન કરવા ઉપરાંત હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું મોનીટરીંગ પણ અસરકારક રીતે કરવાની સૂચનાઓ આપવામાં આવી છે. શહેરમાં આજે નોંધાયેલ આ દર્દી સાથે એક્ટીવ કેસની સંખ્યા ૬ થઈ છે. શહેરમાં રિકવરી રેટ ૯૮ ટકાને પાર કરી ગયાનો દાવો કરતાં આ સૂત્રોએ જણાવ્યુ છે કે સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક પણ કેસ નોંધાયો નથી. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે ૧૨૫ જેટલા લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

# હવે સરકાર દ્વારા આંગણવાડી કેન્દ્રોનું પણ ગ્રેડીંગ કરવામાં આવશે

### આ પ્રોજેક્ટ માટે દરેક જિલ્લામાં એક અલાયદો સેલ ઉભો કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૮

રાજ્ય સરકાર દ્વારા હવે પ્રા. શાળાઓ બાદ આંગણવાડીઓનું ગ્રેડેશન નિયત કરવામાં આવશે.

રાજ્યના મહિલા અને બાળ વિકાસ કમિશનરની કચેરી દ્વારા ''પા...પા..પગલી'' પ્રોજેક્ટનું અમલીકરણ કરાશે અને આ પ્રોજેક્ટ અંતર્ગત જ આંગણવાડીઓનું ગ્રેડેશન કરવામાં આવશે.

આ પ્રોજેક્ટ માટે દરેક જિલ્લામાં એક અલાયદો સેલ ઉભો કરવામાં આવશે. જેના તમામ કર્મયોગીઓ આઉટ સોર્સિંગ એજન્સી દ્વારા ભરતી કરવામાં આવશે. આ કર્મયોગીઓને ફિક્સ વેતન જ આપવામાં આવશે તેમ આ કમિશનરેટ કચેરીના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

૩ થી ૫ વર્ષની આયુ ધરાવતા બાળકોને સારૂ શિક્ષણ મળે તે હેતુથી નવી શિક્ષણનીતિમાં આ મહત્વપૂર્ણ ગણવામાં આવેલ છે. આ આંગણવાડીના બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપવામાં આવશે.

આ માટે આંગણવાડી કાર્યકરોનો ખાસ તાલિમ કોર્ષ પણ નિયત કરી દેવાયો છે અને જીસીઈઆરટી દ્વારા આ તાલિમ આપવામાં આવશે.

આ કર્મયોગીઓને દર માસની પાંચમી તારીખે પગારના પૈસા આઉટ સોર્સિંગ એજન્સી દ્વારા તેના ખાતામાં સીધા જમા કરાવવાના રહેશે તેવી જોગવાઈ પણ કરવામાં આવી હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

આંગણવાડી કેન્દ્રોમાં દર ત્રીજા મંગળવારે બાળ દિવસની ઉજવણી કરવામાં આવશે. આંગણવાડીમાં આવતા ૩ થી ૬ વર્ષના બાળકોનું ડેવલપમેન્ટ એસેસમેન્ટ કરવામાં આવશે. જેના આધારે આંગણવાડીનું ગ્રેડીંગ અને આંગણવાડી અપગ્રેડ કરવાની કામગીરી કરવામાં આવશે.

આંગણવાડીના બાળકોનો બાલવાટિકાના શિક્ષણ માટેની સજ્જતા સાથે શાળા પ્રવેશ થશે જેથી પ્રા. શિક્ષણનું સ્તર પણ સુધરશે તેમ મનાઈ રહ્યુ છે.

# આકાશમાં ગોરંભાયેલા વાદળો વચ્ચે મેઘરાજાની લુપાછુપી

### સવારથી જ બદલાયેલા આકાશી નઝારા વચ્ચે વરસાદ ફરી એકવાર હાઉકલી કરી ગયો

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી આકાશમાં રોજબરોજ ઘેરાતા વરસાદી વાદળો વરસ્યા વિના જ વિખેરાઈ જાય છે. આજે પણ બપોરના સમયે આકાશમાં કાળા ડીબાંગ વરસાદી વાદળો ઘેરાયા હતા પરંતુ થોડીવારમાં જ વાતાવરણ ચોખ્ખુ થઈ ગયુ હતુ. વાદળો વચ્ચે લુપાછુમી રમતા મેઘરાજા વરસ્યા ન હતા. અત્યાર સુધી શહેરમાં સિઝનનો માંડ ચાર ઈંચ વરસાદ પણ થયો નથી.

શહેરમાં રોજબરોજ આકાશમાં ડોકીયા કરતા વરસાદી વાદળો આજે પણ સવારથી જ આકાશમાં ગોરંભાયા હતા પરંતુ બપોરના સમયે વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદ ગોરંભાયો હતો હમણાં મેઘરાજા ધમાકેદાર પધરામણી કરશે તેમ જણાંતુ હતુ પરંતુ વરસાદી વાદળો થોડીવારમાં જ વિખેરાઈ જતા વરસાદે ફરી એકવાર હાથતાળી આપી હતી દિવસ દરમિયાન ભેજનુ પ્રમાણ પણ વધુ રહેતા નગરજનો છેલ્લા ઘણાં સમયથી અસહ્ય ઉકળાટ અનુભવી રહ્યા છે. જયારે વધતા ઉકળાટ વચ્ચે વરસાદની આશ પણ પ્રબળ બની

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર-અમદાવાદમાં બે દિવસ હળવો વરસાદ વરસશે

### તા ૨૨ થી ૨૫ જુલાઇ દરમિયાન વિજકડાકા સાથે ભારે વરસાદ વરસવાની સંભાવના : દેશના ઉત્તર પર્વતીય ભાગોમાં વાદળો ફાટવાની સાથે ભુસ્ખલન થવાની સંભાવના : ઉત્તર ગુજરાત સહીત રાજયના ઘણાં ભાગોમાં વિજકડાકા સાથે ભારે વરસાદની સંભાવના : અંબાલાલ પટેલ

ગાંધીનગર તા ૧૮

ગુજરાતમાં હવે ચોમાસાની મોસમ ધીમે ધીમે નિખરશે. આગામી બે દિવસ ઉત્તર અને મધ્ય ગુજરાતમાં હળવો વરસાદ વરસશે. જયારે તા ૨૨ થી ૨૫ જુલાઈ દરમિયાન પણ ગુજરાત સહીત દેશના અનેક ભાગોમાં ભારે વરસાદ થવાની સંભાવના છે. ગાંધીનગર અમદાવાદમાં પણ બે દિવસ હળવા વરસાદ બાદ તા ૨૫ સુધીમાં ભારે વરસાદ થવાની સંભાવના છે.

જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલના જણાંવ્યા મુજબ ગુજરાતમાં હવે ધીમે ધીમે ચોમાસુ સક્રીય થશે.ધણી રાહ જોયા બાદ ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં પણ વરસાદ થવાની સંભાવના છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના ભાગોમાં ભારે વરસાદ ચાલુ છે. અને દરિયા કીનારાના ભાગોમાં ભારે વરસાદ પડવાની સંભાવના છે. પશ્ચિમ સૌરાષ્ટ્ર અને કચ્છના ભાગોમાં પણ વરસાદ પડવાની સંભાવના છે. તા ૧૮ અને ૧૯ માં ઉત્તર અને મધ્ય ગુજરાતના ભાગોમાં હળવો વરસાદ પડવાની શકયતા છે. જયારે બંગાળના ઉપસાગરનુ વહન સક્રીય થતા તા ૨૨ જુલાઈથી ૨૫ દરમિયાન દેશના અનેક ભાગો સહીત ઉત્તર મધ્ય ગુજરાત અને ગુજરાતના ઘણાં વિસ્તારમાં ભારે વરસાદ થવાની સંભાવના છે. હાલમાં થઈ રહેલા વરસાદમાં વિજળીના કડાકા અને ભડાકા વધુ થશે. ઓરીસ્સા ,છત્તીસગઢ મધ્યપ્રદેશ અને ગુજરાતના ભાગો સુધી વિજ કડાકા સાથે વરસાદ વરસશે. ઉત્તર ભારતમાં પણ વરસાદ થવાની સંભાવના છે. દેશના ઉત્તરીય પવર્તીય તેમજ હીમાલયની ટોચના ભાગોમાં વાદળો ફાટવાની સંભાવના સાથે ભારે વરસાદથી ભુસ્ખલન થવાની શકયતા છે. ઉત્તર પુર્વીય ભાગોમાં ભારે વરસાદ થતા હરિદ્વાર ઋષિકેશ, પંજાબ, ચંદીગઢ, મસુરી, તેમજ બિહાર વિગેરે ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના રહેશે. ચોમાસુ ધીરે ધીરે સક્રીય થશે જયારે ઓગષ્ટમાં પણ વરસાદ થશે.એટલે વરસાદ ગયો નથી. વરસાદ આવશે અને તા ૨૦

● અનુસંધાન પાન-૭ પર



શહેરમાં જાહેરાતના બોર્ડ આડેધડ લગાવાયા છે. ફૂટપાથ ઉપર જ ઘણા બોર્ડ ઉભા કરી દેવાતા રાહદારીઓને નાછૂટકે માર્ગ પર ચાલવું પડે છે. ખ-૩ થી ખ-૫ તરફ જવાના માર્ગે આવા બોર્ડ જોવા મળી રહ્યા છે.

# ચાર્તુમાસ નિમિત્તે આજે બા.બ્ર.પ.પૂ. વંદિતાજી મહાસતીજીનો પ્રવેશ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં ચાર્તુમાસને લઈ આજે બા.બ્ર.પ.પૂ. વંદિતાજી મહાસતીજી તેમજ તેમની શિષ્યાઓના વૃંદ સાથે પ્રવેશ કરશે.

સ્થાનકવાસી જૈન સંઘ ગાંધીનગર દ્વારા આ તમામ મહાસતીઓનું સ્વાગત અને સન્માન સે. ૨૨ સ્થિત જૈન ઉપાશ્રય ખાતે સવારે ૯.૩૦ થી ૧૧ દરમ્યાન કરવામાં આવનાર છે.

મહાસતીજીઓના આગમનને લઈ સ્થાનકવાસી જૈન સંઘ દ્વારા તમામ તૈયારીઓ પુરી કરી દેવામાં આવી છે.

**Gujarat State Petronet Limited**
Corporate Identity Number : L40200GJ1998SGC035188
**Reg. Off.:** GSPC Bhavan, Sector-11, Gandhinagar-382010, **Tel.:** +91-79-23268500/ 66701001
**Fax:** +91-79-23268506, **Website :** www.gspcgroup.com, **E-mail:** investors.gspl@gspc.in

**NOTICE**
**(For the attention of Equity Shareholders of the Company)**

**Transfer of the Equity Shares of the Company to Investor Education and Protection Fund (IEPF) Authority**

This Notice is published pursuant to the provisions of the Investor Education and Protection Fund Authority (Accounting, Audit, Transfer and Refund) Rules, 2016, as amended ("the Rules").

The Rules, amongst other matters, contain provisions for transfer of all Shares in respect of which Dividend has not been paid or claimed by the Shareholders for seven consecutive years or more in the name of Investor Education and Protection Fund (IEPF) Demat Account.

Adhering to the various requirements set out in the Rules, the Company has communicated individually the concerned Shareholders whose Shares are liable to be transferred to IEPF Demat Account in respect of the Dividends declared by the Company for the FY 2013-14 for taking appropriate action(s). The list of concerned Shareholders is also available on the Company's website viz. www.gspcgroup.com under Investor Section.

In case the Company does not receive any communication from the concerned Shareholders for claim of Dividend on or before 5th October, 2021, the Company shall, with a view to complying with the requirements set out in the Rules, transfer the Shares to the IEPF Demat Account by the due date as per procedure stipulated in the Rules without any further Notice to the Shareholder. **Please note that no claim shall lie against the Company in respect of unclaimed Dividend amount and/or Shares transferred to IEPF Authority pursuant to the said Rules.**

The concerned Shareholder(s) holding Shares in physical form and whose Shares are liable to be transferred to the IEPF Authority, may note that upon transfer of Shares to IEPF Authority, the original Share Certificate(s) which are registered in their name will stand automatically cancelled and be deemed non-negotiable. In case Shares are held in demat form, to the extent of Shares liable to be transferred, shall be debited from the Shareholders account.

The Shareholders may further note that, both the unclaimed Dividend and the Shares transferred to IEPF, if any, can be claimed back by them from IEPF Authority after following procedure prescribed by the Rules.

In case the Shareholders have any queries on the subject matter and the Rules, they may write to the Company at its Corporate Office viz. GSPL Bhavan, E-18–GIDC Electronic Estate, Nr. K-7 Circle, Sector–26, Gandhinagar–382028 Tel.: 079-23268500 Fax No.: 079-23268506 Email: **investors.gspl@gspc.in** Website: **www.gspcgroup.com** or the Company's Registrar and Share Transfer Agent at KFin Technologies Private Limited, Selenium Tower B, Plot 31-32, Gachibowli, Financial District, Nanakramguda, Hyderabad–500 032. Tel.: 040-67162222, Toll Free No.: 18003094001, Fax No.: 040-23001153 Email: **einward.ris@kfintech.com** Website: **www.kfintech.com.**

For Gujarat State Petronet Limited
sd/-
Rajeshwari Sharma
Company Secretary

Place: Gandhinagar
Date: 17th July, 2021

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ** ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com